# એકમ-17 આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ

(આંતરાષ્ટ્રીય નાણાંભંડોળ વિશ્વબેન્ક)

-: રૂપરેખા :-


17.0 ઉદ્દેશ

17.1 પ્રસ્તાવના

17.2 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF)

17.2.1 IMFનું માળખું

17.2.2 IMFનાં કાર્યો

17.2.3 IMFના નાણાંકીય સ્રોત અને વિશેષ ઉપાડ અધિકાર (SDR)

17.2.4 IMF અને ભારત

17.3 વિશ્વબેન્ક (World Bank/ IBRD) સમૂહ

17.3.1 વિશ્વબેન્કનું માળખું

17.3.2 વિશ્વબેન્કનાં કાર્યો

17.3.3 વિશ્વબેન્કના નાણાંકીય સ્રોત

17.3.4 વિશ્વબેન્ક સમૂહ અને ભારત

17.4 આર્થિક સ્થિરતા અને સમતુલા સંદર્ભે IMF અને વિશ્વબેન્કની ભૂમિકાની સમીક્ષા

17.5 સારાંશ

17.6 ચાવીરૂપ શબ્દો

17.7 તમારી પ્રગતિ ચકાસો

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- પૂરક વાચન માટે સંદર્ભસૂચિ


## 17.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- આર્થિક વિકાસમાં આંતરરાષ્ટ્રીય નાણાંસંસ્થાઓની ભૂમિકા અને કાર્યોની ચર્ચા કરી શકશો
- આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને ભારત વચ્ચેના સંબંધોનું વિશ્લેષણ કરી શકશો.
- વિશ્વબેન્ક અને ભારતીય અર્થતંત્ર વચ્ચેના સંબંધોની સમીક્ષા કરી શકશો.

## 17.1 પ્રસ્તાવના (Introduction) :

આધુનિક સમયમાં કોઈ અર્થતંત્ર બંધ અર્થતંત્ર નથી હોતું, એટલે કે તે અન્ય કોઈ દેશ સાથે વેપાર કે અન્ય દેશ સાથે જોડાયેલ ન હોય તેમ બનતું નથી. આથી જ એક

દેશમાં આવતાં પરિવર્તનોની અસર બીજા દેશની આર્થિક સ્થિતિ અને સમતુલા ઉપર પડે છે. વિશ્વના જુદા જુદા દેશો વચ્ચે આર્થિક ક્ષેત્રે સ્પર્ધા પણ રહેતી હોય છે. વિકાસના હેતુથી થતી તંદુરસ્ત સ્પર્ધા વિકાસને પ્રોત્સાહન આપે છે પરંતુ જો પરસ્પરના વેપારમાં ગેરવર્તણૂક થાય તો વેપારથી જોડાયેલા દેશો જ નહીં પરંતુ વિશ્વના અન્ય દેશોને પણ અસર થાય છે. આમ, કોઈ ગરીબ દેશોનો વિકાસ કરવા માટે, મોટા આર્થિક પ્રકલ્પો માટે જો કોઈ એક દેશ પ્રયત્ન કરે તો માત્ર તે દેશને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને લાભ કે હાનિ થઈ શકે છે. આમ, વિશ્વનાં અર્થતંત્રનો સમતુલા સાથે આર્થિક વિકાસ કરવા માટે કેટલીક સંસ્થાઓની રચના કરવામાં આવી છે. તે અંતર્ગત અહીં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વબેન્ક એમ બે સંસ્થાઓનો પરિચય મેળવીએ.

## 17.2 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ(International Monetary Fund)

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (International Monetary Fund = IMF)ની સ્થાપનાનાં મૂળ 1929ની વૈશ્વિક મહામંદીમાં રહેલાં છે. વૈશ્વિક મંદીમાં વિશ્વના દેશોનું અર્થતંત્ર ભાંગી પડ્યું. આ સમયે કોઈ નાણાંકીય આર્થિક સહાય અને નિયંત્રણકારી સંસ્થાનું હોવું જરૂરી લાગ્યું. વર્ષ 1944માં બ્રેટન વૂડ્ઝ ખાતે વિશ્વના 45 દેશોના પ્રતિનિધિઓ મળ્યા અને આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળની રચના કરવાનું નક્કી થયું અને આ રીતે ડિસેમ્બર 1945થી IMF કાર્યરત થયું. IMFની સ્થાપના સમયે 29 દેશોએ સભ્યપદના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા. વર્તમાનમાં (May 2022)માં 190 દેશો આ ભંડોળના સભ્યો છે. IMFનું વડું મથક વોશિંગ્ટન ડી. સી. ખાતે આવેલું છે.

વિશ્વમાં આવતાં આર્થિક અને પ્રાકૃતિક સંકટોના સમયે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ તેના સભ્ય દેશોમાં આર્થિક અને નાણાંકીય સ્થિરતા જળવાય તે માટે સહાયક બને છે. IMFની સ્થાપના સમયથી અર્થતંત્રમાં ઘણાં પરિવર્તનો આવતાં રહ્યાં છે તેમ છતાં તેના મૂળભૂત ઉદ્દેશો સ્થિરતા સાથે આર્થિક વિકાસના જ રહ્યા છે. IMFની સ્થાપના સમયે તેના ઉદ્દેશો આ મુજબ રાખવામાં આવેલ હતાઃ

1. એક કાયમી સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય નાણાંકીય સહકારને ઉત્તેજન આપવું.
2. આંતરરાષ્ટ્રીય વેપારને સરળ અને સ્થિર બનાવવા માટે સુવિધાઓ પૂરી પાડવી અને તે રીતે રોજગાર સર્જન, વાસ્તવિક આવકમાં વૃદ્ધિ અને સમતુલિત આર્થિક વિકાસ માટે સભ્ય દેશોને મદદરૂપ થવું.
3. સભ્ય દેશોમાં ચલણનું સ્પર્ધાત્મક અવમૂલ્યન રોકવું અને વિનિમયદરની સ્થિરતા જાળવવી.
4. આંતરરાષ્ટ્રીય વેપાર વિનિમય ઉપરના પ્રતિબંધો દૂર કરીને બહુપક્ષીય ચૂકવણીઓ, લેણદેણને પ્રોત્સાહન આપવું.
5. સભ્ય દેશોને તેમની લેણદેણની તુલાની અસમતુલા દૂર કરવા માટે ટૂંકાગાળા માટે આર્થિક સહાય પૂરી પાડવી.
6. ઉપરોક્ત હેતુઓના સંદર્ભે સભ્ય દેશોની લેણદેણની તુલામાં અસમતુલાનો સમયગાળો અને તીવ્રતા ઓછાં કરવાં.

કોઈપણ દેશ નાણાંકીય કે આર્થિક કટોકટીમાં ક્યારે આવે? જ્યારે તેની આર્થિક નીતિઓમાં ખામી હોય, નિકાસનું ક્ષેત્ર ખોટ કરતું હોય કે જ્યારે કોઈ કુદરતી આપત્તિ આવે ત્યારે તે દેશ પાસે આર્થિક સમતુલા સ્થાપિત કરવા માટે પોતાનાં સંસાધનો ઓછાં પડી શકે છે. આવી સ્થિતિમાં નાણાં ભંડોળ તેના સભ્ય છે તે દેશોને ટૂંકાગાળાની અને

ઓછા વ્યાજદરની લોન આપે છે જેથી તે દેશને તેની આર્થિક સ્થિતિ સુધારવા માટે તક મળી રહે. હવે આપણે IMFનાં વહીવટી માળખાંથી પરિચિત થઈએ.



17.2.1આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળનું વહીવટી માળખું (Administrative Structure of IMF) :

આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળનું સંચાલન તેના સભ્ય દેશો દ્વારા જ કરવામાં આવે છે. નાણાં મંત્રાલય અથવા તે દેશની મધ્યસ્થ બેન્કના ઉચ્ચ અધિકારી IMFમાં સભ્ય દેશનું પ્રતિનિધિત્વ કરે છે. ભંડોળના બંધારણીય માળખામાં સર્વોચ્ચ પદે ગવર્નર હોય છે તથા તેઓની સહાય માટે ચાર ડેપ્યુટી ગવર્નર હોય છે. નાણાંભંડોળની નાણાંકીય સમિતિના 24 સભ્યો હોય છે જે બોર્ડ ઓફ ગવર્નર્સના સલાહકારો હોય છે તથા રોજબરોજનો વહીવટ સંભાળે છે. તે ઉપરાંત IMFના કર્મચારીઓ સહાયક કર્મચારીઓ હોય છે.

17.2.2 આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના કાર્યો(Function of IMF) :

i સભ્ય દેશોમાં નાણાંકીય સ્થિરતા જળવાય તે જોવું : IMF તેના સભ્ય દેશોની નાણાંકીય સ્થિરતા બાબતે અભ્યાસ કરે છે તથા સ્થિરતા અને વિકાસ સામેનાં સંભવિત જોખમોનો નિર્દેશ કરીને નીતિવિષયક ફેરફારો સૂચવે છે.

ii. નાણાંકીય સહાય કરવી : જ્યારે કોઈ દેશની સ્થાનિક ખામીયુક્ત રાજકોષીય અને નાણાંકીય નીતિને કારણે સ્થિરતા જોખમમાં મૂકાય છે ત્યારે ભંડોળ આ દેશને નાણાંકીય સહાય કરે છે જેથી તે દેશ તેનાં આર્થિક માળખામાં નીતિવિષયક ફેરફારો અમલમાં લાવી શકે. કોઈ દેશ મોટી પ્રાકૃતિક આપત્તિનો સામનો કરતો હોય અથવા તે દેશની મુખ્ય નિકાસ વસ્તુની કિંમતમાં ઘટાડો થતાં નિકાસ આવક ઘટવાથી લેણદેણ તુલામાં અસમતુલા ઊભી થઈ હોય તો તેવા સમયે પણ સ્થિરતાલક્ષી આર્થિક નીતિવિષયક સૂચનો અને નાણાંકીય સહાય IMF દ્વારા કરવામાં આવે છે, જયારે મૂડીનું કોઈ દેશમાંથી સતત અવમૂલ્યન કે નિર્ગમન થતું હોય તેવા સમયે રોકાણકારોનો વિશ્વાસ જાળવવા અને તેમને થતું નુકસાન અટકાવવા માટે IMF દ્વારા મદદ કરવામાં આવે છે.

iii ક્ષમતા નિર્માણ : આર્થિક વિકાસ માટે સક્ષમ સંસ્થાઓનું નિર્માણ થાય તે IMFનાં મુખ્ય કાર્યોમાંનું એક છે. આ માટે તાલીમ અને ટેક્નિકલ સહાય પણ IMF દ્વારા કરવામાં આવે છે. રોજગાર સર્જન, સમાવેશી વિકાસ અને આર્થિક સ્થિરતા માટે મજબૂત સંસ્થાઓનું હોવું જરૂરી છે. ક્ષમતાવર્ધન કરતા આ કાર્યક્રમો માટે IMFના સભ્યો સ્થળ ઉપર તપાસ કરીને તેના માટે જરૂરી તાલીમ અને અન્ય સહાયની વ્યવસ્થા કરે છે. ક્ષમતાનિર્માણ અને તાલીમ જાહેર અર્થતંત્ર, નાણાંકીય નીતિઓ બૃહદ અર્થશાસ્ત્રીય નીતિઓ અને સાધનો, કાનૂની માળખું વગેરે વિષયક હોય છે.

17.2.3 IMFના નાણાંકીય સ્રો અને વિશેષ ઉપાડ અધિકાર (SDR) (Financial Resources of IMF and Special Drawing Rights SDR) :

IMF સભ્ય દેશોને આર્થિક સ્થિરતા માટે નાણાંકીય સહાય કરે છે પરંતુ IMFના નાણાંકીય સ્રોતો ક્યા ? તે જાણવું રસપ્રદ રહેશે.

(ક) IMFનું નાણાંકીય ભંડોળ તેના સભ્ય દેશોને ફાળવવામાં આવેલા **ક્વોટા** છે. જયારે કોઈ દેશ IMFનો સભ્ય બને છે ત્યારે તેણે સભ્ય ફી તરીકે કેટલીક રકમ IMFમાં જમા કરવાની રહે છે જેને ક્વોટા કહે છે. આ ક્વોટાનું પ્રમાણ તે દેશનાં અર્થતંત્રના આંતરરાષ્ટ્રીય કાળ પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

(ખ) NAB : ન્યૂ અરેન્જમેન્ટ ઓફ બોરોઇંગ એટલે કે ઉધારની નવી વ્યવસ્થા એક એવી વ્યવસ્થા છે કે જેમાં કેટલાક સભ્ય દેશો IMFની વધારાની નાણાંકીય જરૂરિયાતો પૂરી પાડવા માટે હંમેશાં જોગવાઈ રાખે છે જેથી વિશ્વમાં ઉભી થયેલી સ્થિતિ માટે IMF વ્યવસ્થા જાળવી રાખી શકે.

(ગ) BBA : Bilateral Borrowing Agreement એટલે કે દ્વિપક્ષીય ઉધાર કરાર એ એવી વ્યવસ્થા છે કે જેમાં આર્થિક સહાય લેવાની અને આપવાની ક્રિયા માત્ર બે દેશો વચ્ચે થાય છે, બહુ પક્ષીય કે સામાન્ય લોન સહાયમાં આર્થિક સહાય સમૂહ સાધનોમાંથી અપાતી હોય છે, જ્યારે દ્વિપક્ષી સહાયમાં એક દેશ બીજા દેશને મદદ કરતો હોય છે.

હાલમાં IMFનું કુલ ભંડોળ (ઓગસ્ટ 2022ની માહિતી પ્રમાણે ) 977 બિલીયન SDR છે અને સહાય ક્ષમતા (Lending Capicity) 713 બિલિયન SDR છે.

SDR વિશેષ ઉપાડ અધિકાર (Special Drawing Rights) : SDR એ IMFના સભ્ય દેશોની સત્તાવાર સંપત્તિને પૂરક બનાવતી અનામત સંપત્તિ છે. તે કોઈ કરન્સી કે ચલણ નથી, પણ તેનું મૂલ્ય પાંચ દેશોનાં ચલણના સમૂહથી નક્કી કરવામાં આવેલું છે, જેમાં અમેરિકન ડોલર, યુરોપીયન યુરો, ચાઈનીઝ યુઆન, જાપાનીઝ યેન અને બ્રિટીશ પાઉન્ડનો સમાવેશ થાય છે. તેને બાસ્કેટ ઓફ કરન્સીઝ (Basket of currencies) તરીકે ઓળખવામાં આવે છે. SDR સભ્ય દેશોને નાણાંકીય પ્રવાહીતા પૂરી પાડે છે. IMF સભ્ય દેશોને SDR એટલે કે વિશેષ ઉપાડના અધિકારની ફાળવણી કરે છે, આમ સભ્ય દેશ તેના ઉપર દેવાનો બોજો વધાર્યા વગર નાણાંકીય પ્રવાહિતા મેળવી શકે છે. સભ્ય દેશો પરસ્પરના દેવાની ચૂકવણી SDRના ઉપયોગથી મુક્ત રીતે કરી શકે છે. SDR ભંડોળની સભ્ય દેશો સાથેની લેવડદેવડનું હિસાબી એકમ પણ છે.

17.2.4 IMF અને ભારત (IMF and India) :

(ભારત IMFની સ્થાપનાથી જ સભ્ય દેશ ઓગસ્ટ 2022ની માહિતી પ્રમાણે ભારતનો ક્વોટા 13,114.4 SDR છે.) જે કુલના 2.75% થાય છે. NAB હેઠળ ભારત દ્વારા IMFને 60 મિલિયન SDRની ઋણ સહાય આપવામાં આવી છે. ભારતના નાણાંમંત્રી તેમજ મધ્યસ્થ બેન્કના ગવર્નર IMFના સર્વોચ્ચ સત્તામંડળ બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્ય હોય છે. એક્સ્ટર્નલ અફેર મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ભારતે વર્ષ 1993 પછીથી આજ સુધી એકપણ લોન કે નાણાંકીય સહાય લીધેલી નથી, તથા પૂર્વે લીધેલ ઋણનું પરત ચૂકવણું થઈ ગયેલ છે.

ભારતે IMFની સ્થાપનાથી વર્ષ 1991 સુધી ચાર વખત મુખ્ય કહી શકાય તેવી આર્થિક સહાય લીધેલી છે, જેમાં લેણદેણ તુલાની કટોકટીની સ્થિતિ, આયાત ઉદારીકરણ, 1991માં રૂપિયાનું અવમૂલ્યન અને નાણાંકીય કટોકટી, નાણાંનું વિસ્તરણ અને ફુગાવાનાં પરિબળોને નિયંત્રણમાં લેવા સમયે લીધેલી SDR સહાય મુખ્ય કહી શકાય.

આ ઉપરાંત IMF દ્વારા ભારતની વિનંતીથી બેન્ક કર્મચારીઓને નીતિવિષયક અને આર્થિક બાબતો અંગેની તથા અન્ય વહીવટી અને ટેકનિકલ તાલીમ પણ આપવામાં આવે છે. જેમ કે SARTTAC (South Asia Reginoal Training and Technical Assistance Center) એ દક્ષિણ એશિયાના દેશોને બૃહદ આર્થિક તેમજ નાણાંકીય નીતિઓનું નિર્માણ કરવું, આર્થિક સંસ્થાઓને મજબૂત બનાવવા, માનવક્ષમતાને વિકસાવવા, ગરીબી દૂર કરવા જેવા હેતુથી અસ્તિત્વમાં આવેલું IMF અને અન્ય કેટલાક દેશોનું સંયુકત સાહસ કહી શકાય. આ સેન્ટરમાં ભારત ઉપરાંત બાંગ્લાદેશ, શ્રીલંકા, ભૂટાન, માલદીવ્સ અને નેપાળનો સમાવેશ થાય છે.

આમ, ભારતના IMF સાથેના સંબંધો લેણદાર અને દેવાદારના નથી પરંતુ પરિપક્વ સભ્ય તરીકેના અને વિકાસલક્ષી નિર્ણયોમાં સહાયક તરીકેના રહ્યા છે.



## 17.3 વિશ્વબેન્ક (World Bank/IBRD) સમૂહ

વિકાસ અને પુનઃગઠન માટેની વિશ્વ સ્તરે કામ કરતી બેન્ક આંતરરાષ્ટ્રીય બેન્ક કે વિશ્વબેન્ક તરીકે ઓળખાય છે. તેનું પૂરું નામ International Bank for Reconstruction and Development (IBRD) છે. વિશ્વબેન્કની સ્થાપના દ્વિતીય વિશ્વયુદ્ધની અસરોને કારણે થઈ, દ્વિતીય વિશ્વયુદ્ધમાંથી યુરોપના દેશોને ફરી બેઠા કરવા માટે વિશ્વબેન્કની સ્થાપના કરવામાં આવી. આજે વિશ્વબેન્કના 189 દેશો સભ્ય છે.

વિશ્વબેન્કની સ્થાપના વર્ષ 1944માં થઈ. તેનું વડું મથક વોશિંગ્ટન ડી.સી.માં છે, જ્યારે તેની કચેરીઓ કે શાખાઓ 170 દેશોમાં આવેલી છે. વિશ્વબેન્ક ગરીબ અને મધ્યમ આવકવાળા દેશોને ગરીબી ઘટાડવી, જોખમો સામે રક્ષણ, તાલીમ, ટેકનિકલ સહાય વગેરે માટે ધિરાણ આપે છે. ઘણી પ્રાકૃતિક અને આર્થિક કટોકટીની સ્થિતિમાં પણ વિશ્વબેન્ક તેના સભ્ય દેશોને સહાય આપે છે. વિશ્વબેન્કની એ ખાસિયત છે કે તે જાહેર ક્ષેત્ર ઉપરાંત ખાનગી ક્ષેત્રને પણ સીધી સહાય કરે છે.

વિશ્વબેન્ક એ કોઈ એક સંસ્થા નથી પરંતુ પાંચ સહયોગી સંસ્થાઓ મળીને વિશ્વબેન્ક સમૂહ બનાવે છે. આ પાંચ સહયોગી સંસ્થાઓ અને તેનો ટૂંકમાં પરિચય આ પ્રમાણે છે :

1. IBRD : International Bank for Reconstructuion and Development : નીતિવિષયક નાણાંકીય જરૂરિયાતો માટે સહાય કરે છે.
2. IDA : International Development Association : નીચા વ્યાજ દરોએ કે ક્યારેક શૂન્ય વ્યાજે ઋણ આપે છે. વિશ્વબેન્ક સમૂહની આ સંસ્થા અનુદાન પણ આપે છે.
3. IFC : International Finance Corporation : સંપત્તિ વ્યવસ્થાપન અને મૂડીરોકાણ માટે સલાહકારની ભૂમિકા ભજવે છે. આ સંસ્થા ખાનગી ક્ષેત્રનું મૂડીરોકાણ પણ ગતિશીલ કરવામાં સહાયક થાય છે.
4. MIGA : Multilateral Investment Guarantee Agency : આ સંસ્થા આંતરરાષ્ટ્રીય રોકાણો માટે રોકાણકારોને બિન-વ્યાપારિક જોખમો જેવાં કે રાજકીય અસ્થિરતા, કરાર-ભંગ, યુદ્ધ, સામાજિક અસ્થિરતા, ચલણની અપરિવર્તનશીલતા વગેરે સામે રક્ષણ અને સહાય આપે છે.
5. ICSID: International Centre for Settlement of Investment Disputes : આ સંસ્થા બે સરકારો વચ્ચે તેમજ રોકાણકારો અને સરકાર વચ્ચે આંતરરાષ્ટ્રીય સ્તરે થતા વિવાદો સમયે તથ્ય શોધીને સમાધાન લાવવાનું કાર્ય કરે છે.

આપણે જોયું કે વિશ્વબેન્ક એ કોઈ એક સંસ્થા નથી પરંતુ, પાંચ સંસ્થાનો સમૂહ છે. આ સમૂહ આર્થિક વિકાસના માર્ગમાં બાધારૂપ બનતી કોઈપણ સ્થિતિ પછી તે નાણાંકીય હોય કે બિન-નાણાંકીય, સહાયક બને છે અને વિકાસનો માર્ગ સહકારથી આગળ વધારે છે. હવે આપણે વિશ્વબેન્ક સમૂહનું બંધારણીય માળખું જોઈએ.

### 17.3.1 વિશ્વબેન્કનું બંધારણીય અને વહીવટી માળખું (Constiitutional and Administrative Structure of the World Bank) :

બોર્ડ ઓફ ગવર્નર્સ મુખ્ય કે અંતિમ નીતિ નિર્માતા હોય છે, જે સભ્ય દેશોનું બનેલું

હોય છે. વિશ્વબેન્ક સમૂહનાં ચાર બોર્ડ ઓફ એક્ઝિક્યુટિવ ડાયરેકટર્સ હોય છે જે જૂથની બધી સંસ્થાઓનો વહીવટ સંભાળે છે. બોર્ડ ઓફ એક્ઝિક્યુટિવ ડાયરેકટર્સના 25 અમલદારો હોય છે જેની નિમણૂક કે પસંદગી સભ્ય દેશો દ્વારા કરવામાં આવી હોય છે, આ બોર્ડના એક ચેરમેન પણ હોય છે. એક્ઝિક્યુટિવ બોર્ડ ઓછામાં ઓછું સપ્તાહમાં બે વખત મળે છે જેમાં લૉન આપવાને મંજૂરી, નવી નીતિઓ, વહીવટી બજેટ, કોઈ દેશને કરવાની થતી વ્યૂહાત્મક મદદ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે.

17.3.2 વિશ્વબેન્ક સમૂહનાં કાર્યો અને હેતુઓ (Objectives and Functions of the World Bank Group) :

વિશ્વબેન્ક સમૂહે તેની સ્થાપનાથી લઈને આજ સુધી અંદાજે 12000થી વધુ યોજનાઓને ભંડોળ પૂરું પાડ્યું છે, જેમાં પરંપરાગત લોન, વ્યાજ વિનાની લોન, અનુદાન વગેરેનો સમાવેશ થાય છે. વિશ્વબેન્ક સમૂહની પાંચ સંસ્થાઓ જુદાંજુદાં ક્ષેત્રોમાં કાર્ય કરે છે, આ સમૂહનો મૂળ હેતુ ગરીબી દૂર કરવાનો છે, વિશ્વબેન્કનાં કાર્યોને હવે આપણે વિસ્તારથી જોઈએ, વિશ્વબેન્ક દ્વારા હાથ ધરવામાં આવતાં કાર્યોને આધારે આપણે વિશ્વબેન્કના હેતુઓ નીચે મુજબ સારરૂપે વર્ણવી શકીએ.

1. માનવ વિકાસ દ્વારા ગરીબી દૂર કરવી
2. રોકાણકારો માટે પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવું
3. ખાનગી ક્ષેત્રના વિકાસથી જુદાજુદા દેશોનો સહકારપૂર્ણ વિકાસ સાધવો
4. પર્યાવરણનું રક્ષણ કરીને સતત વિકાસ માટે આધારમાળખું ઊભું કરવું

વિશ્વબેન્ક ઉપરોક્ત હેતુઓ સિદ્ધ કરવા માટે નીચે પ્રમાણેનાં કાર્યો કરે છે :

1. વિશ્વબેન્ક તેના સભ્ય દેશોને શિક્ષણ, સ્વાસ્થ્ય, જાહેર વહીવટ, આધારમાળખાનો વિકાસ, કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન, ખાનગી ક્ષેત્રનો વિકાસ અને કૃષિ વિકાસ જેવા કાર્યક્રમો માટે ઓછા વ્યાજની કે વિના વ્યાજની લોન આપે છે. કેટલાક કાર્યક્રમો માટે અનુદાન પણ આપે છે. અહીં આપણે કેટલાક ઉદાહરણ રૂપ સહાય કાર્યક્રમો જોઈ શકીએ, જેમાં ઇન્ડોનેશિયામાં મેન્ગ્રોવ જંગલોના જતન માટે, ફિજીને COVID-19 પછીની સ્થિતિ સામાન્ય બનાવવા માટે, આર્મેનિયામાં શિક્ષણની સ્થિતિ સુધારવાના કાર્યક્રમ માટે વગેરે તાજેતરનાં ઉદાહરણો કહી શકાય.

2. માનવ સંપત્તિ કાર્યક્રમઃ જે સામાન્ય રીતે હ્યુમન કેપિટલ પ્રોગ્રામ (HCP) તરીકે ઓળખાય છે. આ પ્રોગ્રામનો હેતુ લોકોમાં રોકાણ કરીને વધુ સમાનતા તથા આર્થિક વિકાસ સાધવાનો છે. 2022ના  આંકડા પ્રમાણે કુલ 83 દેશો વિશ્વબેન્ક સમૂહ સાથે મળીને આ દિશામાં કાર્ય કરી રહ્યા છે. જેમાં સંશોધન, આધારમાળખું વગેરે બાબતો પણ સમાવિષ્ટ છે. આ પ્રોગ્રામ દેશોને માનવ સંપત્તિ નિર્માણ આડે આવતા અવરોધો દૂર કરવામાં મદદ કરે છે.

3. વિશ્વબેન્કના એક અભ્યાસ પ્રમાણે વર્ષ 2030 સુધીમાં વિશ્વના કુલ ગરીબોમાંથી 66% અત્યંત સંવેદનશીલ અને નાજુક સ્થિતિમાં આવી જશે. જેનાથી વિકાસના લાભો ઊલટા થવાનો ભય રહેલો છે. વિશ્વબેન્ક સમૂહનો અહીં એ પ્રયત્ન રહ્યો છે કે જે તે પ્રદેશની જરૂરીયાત ઓળખીને તેના અનુસાર વિકાસ માટેનો કાર્યક્રમ ઘડવો, તેના માટે જરૂરી નાણાંકીય સાધનોની વ્યવસ્થા કરવી તથા દેશોનો પરસ્પરનો સહકાર વધુ મજબૂત બનાવવો.

   આમ, વિશ્વબેન્ક સમૂહ માનવ વિકાસના માર્ગે આર્થિક વિકાસને મહત્ત્વ આપતાં કાર્યો કરે છે.

17.3.3 વિશ્વબેન્કના નાણાંકીય સ્રોત (Financial Sources of the World Bank Group) :

IBRD કે વિશ્વબેન્કને વિશ્વ સ્તરની સહકારી સંસ્થા તરીકે પણ ઓળખાવાય છે, 190 દેશો સભ્ય તરીકે તેની માલિકી ધરાવે છે. વિશ્વબેન્ક તેના સભ્ય દેશોને મદદ કરવા માટે તેની પોતાની ઈક્વિટી ઉપર આધાર રાખે છે તથા IBRD બોન્ડ પણ જારી કરવામાં આવે છે, મૂડીબજારમાંથી પણ ઘણી વખત IBRD દ્વારા ઉધાર લેવામાં આવે છે. રોકાણકારો IBRDને ઉચ્ચ કક્ષાની સુરક્ષાવાળાં બોન્ડ ગણાવે છે. મૂડી'ઝ અને સ્ટાન્ડર્ડ એન્ડ પૂઅર્સ દ્વારા IBRD બોન્ડનું રેન્કિગ પણ અપાતું હોય છે.

IDAનું ભંડોળ વિકસિત અને ઉચ્ચ-માધ્યમ આવકવાળા સભ્ય દેશોના ફાળામાંથી આવતું હોય છે. તે ઉપરાંત સભ્ય દેશોની લોનની પરત ચૂકવણી, IBRDની આવક તથા IFC તરફથી મળતાં અનુદાનમાંથી થતી હોય છે.

IFC ઈક્વિટી શેર્સમાં રોકાણ કરતી હોય છે. તે ઉપરાંત મંજૂર કરેલી લોનની પરત ચૂકવણી તેની આવકના મુખ્ય સ્રોત છે.

17.3.4 વિશ્વબેન્ક સમૂહ અને ભારત (The World Bant Group and India):

ભારત ICSID સિવાય વિશ્વબેન્ક સમૂહની અન્ય સંસ્થાઓનો સ્થાપક સભ્ય રહ્યો છે. વિશ્વબેન્ક તરફથી ભારતને રેલ્વે, રસ્તાઓ, વીજળી ઉત્પાદન, શિક્ષણ જેવી માળખાકીય સુવિધાઓના વિકાસમાં વિશેષ મદદ મળી છે. ભારતને સૌ પ્રથમ સહાય રેલવેનિર્માણ માટે 1949નાં વર્ષમાં મળી છે.

ઑગસ્ટ 2022ના છેલ્લા આંકડા પ્રમાણે 27.1 બિલિયન US$ સાથે ભારત વિશ્વબેન્કની સૌથી વધુ સહાય મેળવતો દેશ બન્યો છે. 2018નાં વર્ષથી ભારત અને વિશ્વબેન્ક દ્વારા ભાગીદારમાં "સતત વિકાસ" સાથે રોજગાર સર્જન, સ્પર્ધાત્મકતામાં વધારો તથા માનવમૂડીમાં રોકાણ જેવા મુદ્દાઓ ઉપર ભાર આપવામાં આવ્યો છે. આ લક્ષ્યાંકો સંયુક્ત રાષ્ટ્રોનાં સતત વિકાસનાં લક્ષ્યાંકો સાથે પણ જોડવામાં આવેલ છે. ભારતમાં સર્વ શિક્ષા અભિયાન માટે પણ યુરોપિયન કમિશન તથા યુનાઈટેડ કિંગ્ડમ ડિપાર્ટમેન્ટ, ડિપાર્ટમેન્ટ ફૉર ઈન્ટરનેશનલ ડેવલોપમેન્ટ સાથે મળીને બે તબક્કામાં કુલ 1100 બિલિયન ડોલરની સહાય મળી છે.

તે પછી હરિયાળી ક્રાંતિ સમયે ખેતીક્ષેત્રે ટેકનિકલ સહાય મળી છે. અન્ય વિશેષ વિકાસલક્ષી યોજનાઓમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનો સમાવેશ થાય છે.

ભારતને પોલિયો, ટીબી, લેપ્રસિ, અંધત્વ નિવારણ, મેલેરિયા નાબૂદી વગેરે કાર્યક્રમો માટે સહાય કરી છે. આ ઉપરાંત ગ્રામીણ મહિલાઓના વિકાસ માટે પણ વિશ્વબેન્ક તરફથી સમાવેશી આર્થિક વિકાસ માટેની પહેલને મદદ મળી છે.

મુંબઈનું ઉપનગરીય રેલવે નેટવર્ક, સોલાર વીજળી ઉત્પાદન પ્રકલ્પ, ખુલ્લામાં થતી શૌચક્રિયા નાબૂદી માટે શૌચાલય નિર્માણ, COVID-19 સમયની સહાય વગેરેથી ભારતનો નોધપાત્ર વિકાસ થયો છે અને ભારત સહાય મેળવનારા દેશોમાંથી સહાય આપનારા દેશોનાં જૂથમાં આવેલો છે.

ભાવિ આયોજન તરીકે વિશ્વબેન્ક ભારતને સતત વિકાસ માટે સહાયક બનવા તત્પર છે. ભારતને સહાય કરવાથી વિશ્વબેન્કને અન્ય મધ્યમ આવક વાળા દેશોને સહાય કરવા માટેનું માર્ગદર્શન પણ મળે છે.

### 17.4 આર્થિક સ્થિરતા અને સમતુલા સંદર્ભે IMF અને વિશ્વબેન્કની ભૂમિકાની સમીક્ષા (Evaluation of Role of IMF and the World Bank in the context of Economic Stability and Balance)

વિશ્વબેન્ક અને IMFની સ્થાપના બ્રેટનવૂડ્ઝ ખાતે દ્વિતીય વિશ્વ યુદ્ધની અસરોમાંથી બહાર નીકળવા માટે થઈ છે. આ કોન્ફરન્સમાં નક્કી થયા પ્રમાણે IMFનું નેતૃત્વ યુરોપિયન દેશો પાસે રહેશે જ્યારે વિશ્વબેન્કનું નેતૃત્વ અમેરિકા કરશે. IMF તાત્કાલિક જરૂરિયાતની બૃહદ અર્થશાસ્ત્રીય બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે તો બીજી બાજુ વિશ્વબેન્ક લાંબા ગાળાની વિકાસલક્ષી બાબતો માટે ખાનગી ક્ષેત્રના સહકારથી કાર્ય કરશે. આ બંને સંસ્થાઓએ વિશ્વ સમક્ષ ઘણી ઘટનાઓ સમયે ઉદાહરણરૂપ કાર્ય કર્યું છે તેમ છતાં તેના માટે ટીકાઓ પણ થઈ છે. આપણે અહીં બંને નાણાંકીય સંસ્થાઓના કામની સમીક્ષા કરીએ.

(a) વિશ્વબેન્કનાં નેતૃત્વ બાબતે : પરંપરાગત રીતે વિશ્વબેન્કનું નેતૃત્વ પશ્ચિમના અને ખાસ કરીને અમેરિકાના ફાળે આવતું રહ્યું છે. અહીં એ ટીકા થઈ રહી છે કે વિશ્વબેન્કનો હેતુ વિકાસશીલ ગરીબ દેશોના વિકાસ માટે હોય તે છતાં વિકસિત દેશોને નેતૃત્વ સોંપાતું રહ્યું છે ! અને દક્ષિણ વિશ્વના દેશોનું પ્રતિનિધિત્વ ઓછું રહ્યું છે.

(b) વિકાસલક્ષી કાર્યક્રમોથી થતાં નુકસાન બાબતે : IFC તથા વિશ્વબેન્ક સમૂહની સંસ્થાઓનો હેતુ વિકાસલક્ષી રહ્યો છે, તેમ છતાં કેટલાક એવા દાખલાઓ પણ છે કે જે તે સંસ્થાઓના મૂળ હેતુને તથા સમગ્ર વિશ્વને પણ નુકસાન કરે છે, જેમ કે વિશ્વબેન્ક દ્વારા કેટલાંક એવા ઉદ્યોગોને રોકાણ સહાય અપાઈ હોય છે કે જે પેઢી કરચોરી કરતી હોય અથવા કરવેરા ટાળતી હોય, બાળમજૂરી તેમજ ફરજિયાત મજૂરી કરાવવામાં આવતી હોય. આમ, આ સંસ્થાઓ સામાજિક વિકાસ અને ન્યાયના હેતુથી વિપરીત કાર્ય કરતી જણાય છે.

(c) ગરીબી અને અસમાનતા બાબત : IMF અને વિશ્વબેન્ક દ્વારા ગરીબી દૂર કરવાના તથા આર્થિક સમાનતા સ્થાપવાના જે પ્રયત્નો થાય છે તેનાથી ગરીબી દૂર થઈ હોય કે સમાનતા સ્થાપિત થઈ હોય તેના કોઈ આધાર-પુરાવા મળતા નથી. આ પ્રકારની વાત IMFના જ 2014માં રજૂ થયેલાં એક અભ્યાસ પત્રમાં નોધવામાં આવી છે.

(d) જીવાશ્મી આધારિત ઇંધણ પ્રકલ્પોને આર્થિક સહાય અને સતત ટકાઉ વિકાસનાં લક્ષ્યો : જ્યારે સમગ્ર વિશ્વ જીવાશ્મી આધારિત ઇંધણનો ઉપયોગ ઘટાડીને કાર્બન ઉત્સર્જન ઘટાડવાના પ્રયત્નો કરતું હોય ત્યારે IFC દ્વારા જીવાશ્મી આધારિત પ્રકલ્પોને પૂરી પાડતી આર્થિક સહાય વિચિત્ર કહેવાય,

કોઈપણ સંસ્થાનાં કાર્યોનું મૂલ્યાંકન તેના હેતુઓના સંદર્ભમાં કરવામાં આવતું હોય છે. અહીં આપણે વિશ્વની બે મોટી આર્થિક સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન કરતા કેટલાક મુદ્દાઓ જોયા. આ સિવાય વિશ્વમાં આવતી આર્થિક કટોકટીના સમયે આ સંસ્થાઓનું વર્તન પણ મૂલ્યાંકનનો વિષય છે.

જ્યારે આપણે મૂલ્યાંકન કરીએ ત્યારે માત્ર કોઈ સંસ્થા કે વ્યકિતની મર્યાદાઓનો જ ઉલ્લેખ ન કરવો જોઈએ પરંતુ આ સંસ્થાની સફળતાના મુદ્દાઓ પણ નોંધવા જોઈએ. હવે આપણે એવા કેટલાક મુદ્દાઓ પણ જોઈએ :

(a) વિશ્વબેન્ક માનવ વિકાસના રસ્તે વિકાસ કરવાનો હેતુ ધરાવે છે અને તે વિકાસશીલ કે ગરીબ દેશોને તે માટેની ટેકનીકલ, આર્થિક સહાય કરે છે, નીતિવિષયક માર્ગદર્શન

પણ આપે છે. ભારતના સંદર્ભમાં આપણને આ પ્રકારના અનુભવો થયા છે, જેમાં શાળાઓના મકાનનું બાંધકામ, સડક નિર્માણ, પોલિયો નાબૂદી, વગેરે માટે વિશ્વબેન્કની સહાય મળી છે.

(b) રૂપિયાનું સ્વતંત્ર થવું : IMFની સ્થાપના પહેલા રૂપિયો પાઉન્ડ સ્ટર્લિંગ સાથે જોડાયેલો હતો, IMFની સ્થાપના પછી રૂપિયાને સ્વતંત્ર ચલણ તરીકે વિશ્વમાં સ્થાન મળ્યું,

(c) વિશ્વબેન્ક જૂથમાં સભ્ય પદઃ ભારત IMFનો સ્થાપક સભ્ય હોવાથી તેને વિશ્વબેન્કનું પણ સભ્યપદ મળી ગયું, જે અલગથી લેવાની જરૂર રહી નહીં. વિશ્વબેન્ક ભારતને તેના વિકાસ કાર્યક્રમોમાં ઘણી જ સહાયક થતી રહી છે.

17.4.1 આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ અને વિશ્વબેન્ક વચ્ચેની ભિન્નતા :

IMF અને IBRD એ બંને બ્રેટનવુડ્ઝ કોન્ફરન્સમાં સ્થાપાયેલી સંસ્થાઓ છે. આ બંને સંસ્થાઓ પરસ્પર હરીફ નહીં પરંતુ એકબીજાની પૂરક છે. આમ, બંનેનું કાર્યક્ષેત્ર અલગ છે.

વિશ્વબેન્ક સમૂહ વિકાસશીલ દેશો સાથે કાર્ય કરે છે. જેમાં મુખ્યત્વે ગરીબી ઘટાડવી તથા ભાગીદારીયુક્ત વિકાસ જેવાં ધ્યેયો હોય છે. બીજી બાજુ IMF આંતરરારાષ્ટ્રીય સ્તરે નાણાંકીય સ્થિરતા જળવાય તથા વિવિધ દેશોમાં ચલણોમાં સ્થિરતા જળવાય તે બાબતનું નિયંત્રણ રાખે છે.

વિશ્વબેન્ક વિકાસશીલ દેશોની સરકારને નીતિવિષેયક સલાહ-સૂચનો કરવા ઉપરાંત નાણાંકીય તેમજ ટૅકનિકલ મદ કરતી હોય છે. વિશ્વબેન્ક માત્ર વિકાસશીલ દેશોની સરકારને જ નહીં પણ ખાનગીક્ષેત્રને પણ મજબૂત કરવાને મહત્ત્વ આપે છે.

IMF તેના સભ્ય દેશોની આર્થિક ગતિવિધિઓને વૈશ્વિક સંદર્ભમાં ચકાસે છે તથા સભ્ય દેશોને લેણદેણની તુલાની સમસ્યા દૂર કરવા માટે વ્યાવહારિક ઉપાયો સૂચવે છે તથા સહાય પણ કરે છે. કોઈપણ દેશ જો વિશ્વબેન્કનો સભ્ય બનવા ઈચ્છતો હોય તો પ્રથમ તેણે IMFનું સભ્યપદ મેળવવું પડે છે.

## 17.5 સારાંશ (Summary) :


- વૈશ્વિક મહામંદી અને દ્વિતીય વિશ્વ યુદ્ધની નકારાત્મક અસરોમાંથી વિશ્વના દેશોનાં અર્થતંત્રોને બેઠું કરવા માટે એક સંસ્થાની જરૂર જણાઈ, તે સંદર્ભે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ તથા આર્થિક વિકાસ અને પુનર્ગઠન માટેની આંતરરાષ્ટ્રીય બેન્ક અસ્તિત્વમાં આવી.

  કુલ 1100 બિલિયન us$ની સહાય મળી છે.
- આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ તેના સભ્ય દેશોના વ્યાપાર, વિકાસ, પરસ્પર સહયોગ, નાણાંકીય સ્થિરતા વગેરે સાથે આંતરરાષ્ટ્રીય વ્યાપારિક સહયોગને માટે કાર્યરત રહે છે.
- IMF તેના સભ્ય દેશોને આર્થિક સહાય ઉપરાંત ટેકનિકલ માર્ગદર્શન, તાલીમ વગેરે પૂરી પાડે છે.
- SDR એ નાણાંભંડોળ દ્વારા આપવામાં આવતો વિશેષ ઉપાડ અધિકાર છે, જે સભ્ય દેશો તેના જમા ક્વોટા કરતાં વધારે સહાય મેળવી શકે તે માટેની જોગવાઈ છે. SDR નાણાંભંડોળનું હિસાબી એકમ પણ છે.
- ભારત IMFનું સ્થાપક સભ્ય રહ્યું છે. હાલમાં ભારતનો હિસ્સો કુલ SDRના 2.75%

જેટલો છે. ભારતે રૂપિયાનું અવમૂલ્યન, ફુગાવાનાં નિયંત્રણ, લેણદેણ તુલાની કટોકટી, આયાત ઉદારીકરણ જેવા સમયે IMF પાસેથી સહાય લીધેલી છે, વર્તમાન સમયમાં ભારત ઉપર IMFનું કોઈ ઋણ ચૂકવણું બાકી રહેતું નથી.

- વિશ્વબેન્ક ગરીબ અને મધ્યમ આવકવાળા દેશોને સહાય કરે છે. વિશ્વબેન્ક ખાનગી ક્ષેત્રના સહયોગ અને વિકાસથી વિવિધ દેશોમાં ક્રોસ-બોર્ડર રોકાણને પ્રોત્સાહન મળે તે રીતે કાર્ય કરે છે. તે ઉપરાંત, કુદરતી આપત્તિઓ, માળખાકીય વિકાસ, માનવવિકાસ જેવા મુદ્દાઓ માટે આર્થિક તેમજ ટેક્નિકલ સહાય પૂરી પાડે છે.
- વિશ્વબેન્ક એ પાંચ સંસ્થાઓનો સમૂહ છે. જેને વિશ્વબેન્ક સમૂહ તરીકે ઓળખવામાં આવે છે.
- વિશ્વબેન્ક ભારતને માળખાકીય સુવિધાઓ, માનવ વિકાસ, ગ્રીન ગ્રોથ, સતત વિકાસ, સમાવેશી વિકાસ જેવી યોજનાઓ માટે સહાય કરે છે.
- જો શક્ય હોય તો IMF અને WB વચ્ચે તફાવતના મુદ્દાનો સમાવેશ કરવો જેથી વિદ્યાર્થીઓ આ બે સંસ્થાઓ વચ્ચેનો પ્રયત્ન ભેદ/ તફાવત સમજી શકે.

## 17.6 ચાવીરૂપ શબ્દો (Key Words) :

નાણાંકીય સ્થિરતા : નાણાંકીય સ્થિરતા એટલે બજારમાં કિંમતોની સ્થિરતા. જ્યારે બજારમાં વસ્તુની કિંમતમાં વધારો થાય છે ત્યારે નાણાંનું મૂલ્ય ઘટે છે અને કિંમતોના ઘટવાની સ્થિતિમાં નાણાંનું મૂલ્ય વધે છે. સામાન્ય રીતે વસ્તી વધારો, પુરવઠાની સ્થિરતા વગેરેને કારણે કિંમતો વધતી હોય છે અને નાણાંનું મૂલ્ય ઘટતું જતું હોય છે. આવી સ્થિતિમાં અતિશય ફુગાવાનાં પરિબળો વિકાસ અને મૂડીરોકાણને અવરોધે છે, આમ ન થાય તે માટે એટલે કે નાણાંકીય સ્થિરતા જળવાઈ રહે તે માટે IMF જે તે દેશની મધ્યસ્થ બેન્ક અને સરકાર સાથે મળીને પ્રયત્નો કરે છે.

અવમૂલ્યન : અવમૂલ્યન એટલે કે દેશનાં ચલણનો વિદેશી ચલણ સામેનાં મૂલ્યમાં સત્તાવાર ઘટાડો, દાખલા તરીકે રૂપિયા અને ડોલરનો વિનિમય દર 1 $ = 60 રૂ. હોય અને તેને બદલે 1 $ = 75 રૂ. કરવામાં આવે તો કહી શકાય કે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થયો છે. કારણકે અગાઉ જ્યારે 1 ડોલર મેળવવા માટે 60 રૂપિયા આપવાના થતા હતા તે 1 ડોલર હવે 75 રૂપિયા આપવાથી મળે છે. એટલે કે ડોલરની કિંમત / મૂલ્ય વધ્યું અને રૂપિયાનું મૂલ્ય ઘટ્યું કહેવાય. કોઈ દેશની સરકાર સત્તાવાર રીતે આમ નાણાંનાં મૂલ્યમાં ઘટાડો કરે છે. તેમ કરવાથી નિકાસમાં વધારો થાય છે અને આયાતો ઘટે છે.

રૂપિયા અને ડોલરની માંગમાં ફેરફાર થવાથી પણ નાણાંનું મૂલ્ય ઘટે છે તેને મૂલ્ય ઘટાડો કહેવાય છે પરંતુ જ્યારે સરકાર દ્વારા સત્તાવાર રીતે વિનિમય દરમાં ફેરફાર જાહેર કરાય છે તે અવમૂલ્યન છે.

ક્વોટા : સામાન્ય રીતે ક્વોટા એટલે કે નિશ્ચિત પ્રમાણમાં જથ્થો, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું એ વહીવટી અને હિસાબી એકમ છે. સભ્ય દેશોનો ભંડોળમાં જથ્થો ક્વોટામાં દર્શાવવામાં આવે છે, ક્વોટાના આધારે સભ્ય દેશોનું વૈશ્વિક અર્થતંત્રમાં સાપેક્ષ સ્થાન પણ દર્શાવે છે. ભંડોળમાં ક્વોટા SDRમાં બતાવવામાં આવે છે.

માનવવિકાસ : માનવીની કાર્યક્ષમતામાં વધારો કરીને વિકાસની સંભાવનાઓ વિસ્તારવાની પ્રક્રિયાને માનવ વિકાસ કહેવામાં આવે છે. તેમાં શિક્ષણ, સ્વાસ્થ્ય જેવા મુદ્દાઓ સાથે સ્વતંત્રતા, માનવ અધિકારો જેવા વિષયોનો પણ સમાવેશ થાય છે.

## 17.7 તમારી પ્રગતિ ચકાસો (Check Your Progress)

(ક) નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો

(1) આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના હેતુઓ અને કાર્યોનું વિગતવાર વર્ણન કરો. ભારતના IMF સાથેના સંબંધો કેવા રહ્યા છે તેની સમીક્ષા કરો.

(2) વિશ્વબેન્ક સમૂહની સંસ્થાઓ તથા તેમનાં કાર્યોનો પરિચય આપો. વિશ્વબેન્ક સમૂહની સંસ્થા કેવી રીતે સભ્ય દેશોને મદદ કરે છે તે સમજાવો.

(3) ભારતના આર્થિક-સામાજિક વિકાસમાં વિશ્વબેન્ક તથા IMFની ભૂમિકાનું વર્ણન કરો.

(4) આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વબેન્કની કામગીરીમાં શું તફાવત રહેલો છે? બંને સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન કરો.

(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોધ લખો

(1) IMFનાં કાર્યો

(2) વિશ્વબેન્કનાં કાર્યો

(3) આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ IMF અને IBRD

(4) IMF અને ભારત

(5) વિશ્વબેન્ક અને ભારત

(6) SDR (વિશેષ ઉપાડ અધિકાર)

(7) વિશ્વબેન્ક સમૂહ

(ગ) નીચેના પ્રશ્નો માટે સાચા વિકલ્પની પસંદગી કરો

1. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ IMFનું પૂર્ણ સ્વરૂપ નામ શું છે ?
   - a. International Monetary Fund
   - b. Internal Monetary Finance
   - c. International Minority Finance
   - d. ઉપરનામાંથી એકપણ નહી

2. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના ક્યારે થઈ ?
   - a. 1929
   - b. 1950
   - c. 1945
   - d. 1994

3. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ તથા વિશ્વબેન્કનું વડું મથક કયાં આવેલું છે ?
   - a. બ્રેટનવૂડ્ઝ
   - b. વોશિંગ્ટન ડી.સી.
   - c. ન્યૂયોર્ક
   - d. દક્ષિણ આફ્રિકા

4. ભારત નીચેનામાંથી કઈ સંસ્થાનું સભ્ય નથી ?
   a. IMF
   b. IBRD
   C. IDA
   d, ICSID
5. વર્ષ 2022ની માહિતી પ્રમાણે ભારતનો કુલ કેટલો ક્વોટા IMFમાં છે ?
   a. 2%
   b. 2.75%
   c. 50%
   d. ઉપરનામાંથી એકપણ નહીં
6. નીચેનામાંથી કઈ સંસ્થા ખાનગી ક્ષેત્રનાં આંતરરાષ્ટ્રીય રોકાણને પ્રોત્સાહન આપે છે ?
   a. IMF
   b. IBRD
   c. UNDP
   d. ઉપરની બધી જ
7. વિશ્વબેન્કની સ્થાપના ક્યારે થઈ છે ?
   a. 1930
   b. 1944
   c. 1947
   d. 1991
8. નીચેનામાંથી કયો વિશ્વબેન્કનો હેતુ નથી ?
   a. ગરીબી દૂર કરવી
   b. ખાનગી રોકાણને સહાયક બનવું
   c. લેણદેણની તુલામાં સમતુલા સ્થાપવામાં સહાયક બનવું
   d. માનવ વિકાસ કરવો
9. SDF બાબતે નીચેનામાંથી કયું સાચું નથી ?
   a. SDR હિસાબી એકમ છે
   b. SDR એક ચલણ છે
   c. SDRનું મૂલ્ય પાંચ દેશોનાં ચલણને આધારે નક્કી કરવામાં આવે છે.
   d. સભ્ય દેશોનો કવોટા SDRમાં ફાળવવામાં આવે છે.
10. SDR પૂરું સ્વરૂપ લખો
   a. Special Drawing Rights
   b. Social Dispute Resettlement.
   c. Special Development Reserve fund
   d. Social Drawing Rights

11. ભારતને વિશ્વબેન્ક તરફથી સૌ પ્રથમ સહાય ક્યારે મળી છે ?

a. 1949

b. 1966

C. 1980

d. 2001

- સંદર્ભ સૂચિ :


- http://ncgg.org.in/sites/default/files/2021-04/IMF.pdf
- hkkps://dea.gov.in/sites/default/files/about WB O.pdf
- www.worldbank.org.
- https://www.brettonwoodsproject.org/2019/06/what-are-the-main-criticisms-of-the-world-bank-and the-imf/


- તમારી પ્રગતિ ચકાસો (ગ)ના જવાબો :

1. International Monetary Fund
2. 1945
3. વોશિંગ્ટન ડી.સી.
4. ICSID
5. 2.75%
6. IBRD
7. 1944
8. લેણદેણની તુલામાં સમતુલા સ્થાપવામાં સહાયક બનવું
9. SDR એક ચલન છે
10. Special Drawing Righkts
11. 1949

- સંદર્ભ સૂચિ.....


- Frunk Robert H., Bernanke, Ben S., "Principles of Economics", (2007), Tata The Grow Hill, New Delhi
- Bhutani Prem J., "Principles of Economics", (2014), Taxmann Allied Services (P) Ltd.". New Delhi.
- Vaish M. C. "Macro Economic Theory", (2002)
- Vikas Publishing house, Bangulore.
- Puri V.K., Mishra, Divya, "समष्टि अर्थशास्त्र", (2002) Himalaya publishing house, Delhi.